# પૂજ્ય લાલચંદભાઈના પ્રવચનો
# શ્રી સમયસાર ગાથા ૭૩, તા. ૨૮-૩-૧૯૮૯
# શિકોહાબાદ પ્રવચન નંબર P૦૪

આ શ્રી સમયસારજી નામનું પરમાગમ શાસ્ત્ર છે. સમયસારનો અર્થ છે, શુદ્ધ આત્માનું નામ સમયસાર છે. અથવા સમયસારનો અર્થ, વાચ્ય, શુદ્ધઆત્મા છે. સમય અને સાર બે શબ્દ છે. સમય એટલે આત્મા અને સાર એટલે જેમાં ભાવકર્મ, રાગાદી નથી, જ્ઞાનાવરણીય આઠ પ્રકારના કર્મ જેમાં નથી, દેહ, મન,વાણી જેમાં નથી, એવા શુદ્ધાત્માને બતવાવવાળા શાસ્ત્રનું નામ, પરમાગમનું નામ, સમયસારછે. સમયસાર આત્મા સમયસાર શુદ્ધાત્માને બતાવવવાળું, આ ભારતમાં સર્વોત્કૃષ્ટ શાસ્ત્ર છે. જે સમયસારનું આત્માના લક્ષ્યપૂર્વક અધ્યયન કરશે, એને આત્મદર્શન થઈ જશે. અને અલ્પકાળમાં સિદ્ધ પરમાત્મા બની જશે. એવો એમાં માલ ભર્યો છે.

એનો કર્તા-કર્મ અધિકાર એમાં ૭૩ નંબર ની ગાથા છે.

એમાં શું આવ્યું, શિષ્યે પ્રશ્ન કર્યો કે- વર્તમાનમાં મારી દશામાં અજ્ઞાન છે. અજ્ઞાનજન્ય દૂ:ખ પણ છે અને દૂ:ખની નિવૃતિ કેમ થાય એનો ઉપાય, એની વિધિ શું છે, કૃપા કરીને મને બતાવો. એમ શિષ્યનો પ્રશ્ન છે. તો એનો આચાર્ય મહારાજ ઉત્તર આપેછે કે સાંભળ, મેં પણ મારા ગુરને એવો પ્રશ્ન કર્યો હતો. મારા ગુરુએ પણ મને આજ ઉત્તર દિધો હતો. તું આજ પ્રશ્ન કરી કહ્યો છું, તો હું પણ એવો ઉત્તર દઉં છું જે ગુરુ પરંપરા થી ચાલી આવતી વાત છે.

ટીકા - **હું** .આહાહા! અહીં ની વાત (આત્માની) છે. **હું આ આત્મા- પ્રત્યક્ષ અખંડ અનંત ચિન્નમાત્ર જ્યોતિ** આત્મા **-અનાદિ -અનંત નિત્ય -ઉદયરૂપ વિજ્ઞાનઘનસ્વભાવભાવત્વને કારણ હું એક છું** હું એક છું. હું સર્વથા એક છું. કથંચિત એક અને કથંચિત અનેક, એવું આત્માના સ્વભાવમાં નથી.

હું એક છું. આહાહા! એક હું એનું કારણ બતાવ્યું કે આત્મા ત્રણે કાળ પ્રત્યક્ષ છે. પરોક્ષ નથી. સૂર્ય છે તે પ્રત્યક્ષ છે, એમ આ ચિદાનંદ આત્મા પ્રત્યક્ષ છે. પ્રત્યક્ષ છે, તો કેમ મને દેખાઈ નથી દેતો- એવો પ્રશ્ન આવે છે. કે તું જોતો નથી એટલે તને નથી દેખાતો. તું અંતર્મુખ થઈને જો, દેખવું જાણવું તો તારો સ્વભાવ છે. દેખવું જાણવું તો તને આવડે પણ છે. પણ વિષય બદલી દે.

જેમ જેમ (બહાર) તું કર્તા (જોવે) છેને? એમ એમ પરને જાણે છે, પરને જાણે છે એવું તો તું કરે છે ને? હાં. એવો કર્તા છે. એનો અર્થ છે મારી પાસે જ્ઞાન અને દર્શન તો છે. દેખવું અને જાણવું મારી પાસે, એવા પરિણામ પણ છે. હવે વિષય બદલી દે. પર જ્ઞેયને જાણે દેખે છે તું. દ્રશ્ય પદાર્થને દેખે છે, જ્ઞેય પદાર્થને જાણે છે, હમણાં વિષય બદલી દે. આત્માને જ્ઞેય બનાવી લે. આહાહા!

જ્ઞાન તો તારી પાસે છે. જ્ઞેયને બદલવાની વાર છે. બદલી દે કે હું એક છું.-હું અનેક નથી અને **પ્રત્યક્ષ** છું હું. અને **અખંડ** - અને જે ખંડજ્ઞાન છે ઇંદ્રિયજ્ઞાન, તે મારો સ્વભાવ નથી. હું અખંડ છું. ક્યારે? ત્રણે કાળ અત્યારે.

અને **અનંત ચિન્નમાત્ર જ્યોતિ** . બેહદ સામર્થ્ય એનું સામર્થ્ય જ્ઞાનનું, ચિન્નમાત્ર એટલે જ્ઞાનમાત્ર આત્મા, એ અનંત અનંત બેહદ સામર્થ્યથી ભરેલો છે. આત્માનેતો જાણે, લોકને જાણે, આલોકને પણ જાણે, એની સામે ઘણાં કેટલાય પદાર્થ હોય તો જાણવું એનો સ્વભાવ છે. એટલે અનંત શક્તિ છે જાણવાની આત્મામાં અત્યારે છે. ચિન્નમાત્ર જ્યોતિ, રાગ મારામાં નથી. જ્યોતિ સ્વરૂપ છે આત્મા જળહળ જ્યોતિ છે આત્મા, વર્તમાનમાં છે પ્રગટ આત્મા.

અને બીજો આ **અનાદિ અનંત** છે. ભૂતકાળ માં હતો અને વર્તમાનમાં છે, ભવિષ્યકાળમાં રહેવાવાળો છે. આત્મા અવિનાશી છે. આત્માનો નાશ થતો નથી. દેહ મરે છે, પણ હું મરતો નથી. આહાહા! આ દેહ છૂટી જાય છે, તો પરમાણુ ખરી જાય છે. આહાહા! પણ હું તો અભેદ સામાન્ય છું. તો મારામાંથી કોઈ ગુણ બહાર નીકળતાં નથી. વિખરતા નથી હું અભેદ સામાન્ય ટંકોતકિર્ણ પરમાત્મા છું. અનાદિ અનંત છું.

**નિત્ય ઉદયરૂપ** છું. આત્મા નિત્ય, હમેંશા, પ્રગટ, ઉદય એટલે પ્રગટરૂપ છે. પ્રગટ હોય છે, એ બીજી ચીજ છે અને પ્રગટ છે એ બીજી ચીજ છે. પ્રગટ છે એ જીવ તત્વ છે. પ્રગટ છે એ હું છું અને પ્રગટ થાય છે, પ્રગટ થાય છે એ તો નાશ થાય છે. જેની પ્રગટતા (નવી) હોય એનો તો નાશ થાય છે. હું તો પ્રગટ થતો નથી હું તો નષ્ટ પણ નથી થતો. જે પ્રગટ થાય, તો નાશ પણ થઈ જાય. પણ હું તો અવિનાશી પ્રગટ વર્તમાનમાં છું. આહાહા!

**નિત્ય-ઉદયરૂપ** ,એક-એક શબ્દની કિમંત છે. આહા! દિગંબર સંતો નિત્ય આનંદનું ભોજન કરવાવાળા છે, દૂ:ખને ભોગવવાવાળા નથી. અમારા સાધુ દૂ:ખના ભોક્તા નથી. અમારા સાધુ આનંદનું ભોજન કરે છે. એને અમે નમસ્કાર કરીએ છીએ. આહાહા! આનંદ ભોગી, નિત્યાનંદ ભોગી, અતીન્દ્રિય આનંદ. આહાહા! આ કલ્પનાના સુખની વાત નથી. આત્મિક આનંદનું અંદરમાં એકાગ્ર ધ્યાન કરીને ઉપયોગ અંદરમાં લગાડો તો નિર્વિકલ્પ ધ્યાનની ક્ષણ અને પળમાં સપ્તમ ગુણસ્થાન અપ્રમત દશા આવે છે. ઓહોહો! અને દિવસમાં તો નિંદર (ઊંઘ) હોતી જ નથી. રાતના પાછલા પ્રહરમાં ત્રણ-ચાર-પાંચ વાગે થોડી પોણી સેકંડની ઊંઘ હોય છે. એક સેકંડ (પણ નહીં) અમારા મુનિરાજ અપ્રમાદી છે, પ્રમાદી નથી અમારા મુનિરાજ. આહાહા! સાવધાન છે. આત્મામાં સાવધાન છે. આહાહા! સમયવર્તે સાવધાન લગ્નમાં આવે છે, નહીં? અમારે ત્યાં તો બોલે છે. સમયવર્તે સાવધાન! કન્યા ને લાવો એમ કહે છે ને? હાં! ફેરાનો સમય થઈ ગયો છે.

આ મોક્ષ લક્ષ્મી આવવાનો સમય થઈ ગયો છે. સાવધાન થઈ જા હમણાં, કે હું પરમાત્મા છું. આહાહા! હું તો નિત્યાનંદ પરમાત્મા છું. હું તો નિત્ય પ્રગટ છું. પ્રગટ થાય છે એ પરિણામ છે. હું પરિણામ નથી, હું તો અવિનાશી તત્વ છું. આહાહા ! એવા આત્માનું ધ્યાન ક્યારેય નથી કર્યું. એક સમયમાં જો ધ્યાન કરી લે તો અલ્પકાળમાં મુક્તિ થઈ જાય છે. કોલ-કરાર થઈ જાય છે, કોઈ ને પૂછવાની જરુર નથી પડતી.

**નિત્ય ઉદયરૂપ**, હવે આગળ **વિજ્ઞાનઘનસ્વભાવભાવત્વને કારણ એક છું.** વિજ્ઞાનઘન છું. જ્ઞાનમાં રાગનો પ્રવેશ નથી. ઘન પદાર્થ હોય છે ને ઘન, ઘનમાં કોઈનો પ્રવેશ નથી. એમ વિજ્ઞાનઘન વિશેષે જ્ઞાનઘન ઘટ્ટ. આહાહા! આ અઘટિત ઘાટ પદાર્થ ટંકોતકિર્ણ પરમાત્મા જેમાં

જ્ઞાન અને આનંદ ભર્યો છે, અસંખ્યાત પ્રદેશમાં. છલોછલ ભર્યો છે. છલોછલ ભર્યો છે, એકાગ્ર હોય છે, તો એ બહાર આવે છે આનંદ. અંદરમાં તો છે, અને એકાગ્ર હોય છે તો, એ બહાર આવે છે.

એવું કોઈ કરે છે ને? આપણે શું? સુગંધિત પદાર્થ ને દબાવે છે ને? દબાવેને તો એ સુગંધિત પદાર્થ, તો ફૂવારો થાય છે ને? ફૂવારો. એમ જેમ એવું કરે છે તો સુગંધ સુગંધ ફેલાઈ જાય છે. સમજ્યા? એમ જ્યારે ઉપયોગ આત્મામાં એકાગ્ર થઈ જાય છે, તો દબાય છે, ધ્યાનમાં તો અંદરમાં જે આનંદ છે એ બહાર આવી જાય છે. આહાહા! એટલો આનંદના ભોગી મુનિરાજ છે. અલ્પ આનંદ ગ્રહસ્થીને પણ એવો જ આનંદ આવે છે. જેમ મુનિરાજને આવે છે એવો જ આનંદ, સિદ્ધ જેવો આનંદ છે. પ્રમાણ ઓછું છે. પ્રમાણ ઓછું છે.

સાકર ને જે ગળપણ (મીઠાશ) હોય છે, એમાં ૫૫૦ ગુણી સૅકેરીન નો સ્વાદ છે, એ મીઠાશ. સૅકેરીનની મીઠાશ ૫૫૦ ગુણી વધારે છે. સમજ્યા? સાકરમાં થોડી ઓછી છે. એમ સિદ્ધ પરમાત્મા સૅકેરીન જેવો પૂરો આનંદ ભોગવે છે અને ગૃહસ્થી સમ્યગદૃષ્ટિને આનંદ થોડો, પણ જાતિ એક છે. માત્ર ઓછી છે પણ જાતિ એક છે. આહાહા!

એમ આત્મિક આનંદ નું ભોજન કરવાવાળા મુનિરાજ છે, એમને અમે નમસ્કાર કરીએ છીએ. આહાહા! ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં, એવો પાઠ છે. ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં. ધવલમાં (એવો) પાઠ છે. ણમો અરિહંતાણં બોલે છેને ભાઈ? ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી, અરિહંતાણં. ભૂતકાળમાં અરિહંત થઈ ગયા એમને હું નમસ્કાર કરું છું. વર્તમાનમાં અરિહંત છે એમને નમસ્કાર કરું છું અને ભવિષ્યમાં હું અરિહંત થવાનો છું. ભલે અત્યારે નિગોદ કે નરકમાં હો. શ્રેણિક મહારાજ છે કે નહીં? તો પણ ભવિષ્યના અરિહંતને હું નમસ્કાર કરું છું. જૈન ધર્મ ગુણવાચક છે. ગુણ ગ્રાહ્ય છે. વ્યક્તિની વાત નથી.

તો વિજ્ઞાનઘન સ્વભાવ એમાં રાગ નો પ્રવેશ નથી. વ્યવહાર રત્નત્રયના પરિણામનો પ્રવેશ ભગવાન આત્મામાં નથી. કે કથંચિત તો છે કે નહીં આત્મામાં રાગ? કે સર્વથા નથી જ . આહાહા! એમ કહ્યું **હું એક છું** . એક બોલ થયો.

બીજો બોલ. હવે શુદ્ધનો બોલ આવે છે. શુદ્ધ, આત્મા **શુદ્ધ છે** .ક્યારે? અત્યારે . ત્રણે કાળ શુદ્ધ છે. શુદ્ધ જાણે આત્માને, એ શુદ્ધ આત્માને પ્રાપ્ત કરે. હું શુદ્ધ છું, એવી અંતરદ્રષ્ટિ કરીને શુદ્ધ આત્માના દર્શન થાય છે, જ્ઞાન થાય છે, શ્રદ્ધાંન થાય છે, આચરણ થાય છે, તો પર્યાયમાં, અવસ્થામાં, પરિણામમાં સંવર -નિર્જરા પ્રગટ થઈ જાય છે. શુદ્ધઉપયોગ દશા પ્રગટ થાય છે. તો હું શુદ્ધ છું એવો બોલ જરા શૂક્ષ્મ છે, આત્મા છે, દેહ, મન, વાણીનો કરવાવાળો નથી. એટલે શુદ્ધ છે. આત્મા આઠ પ્રકારના કર્મ બાંધતો જ નથી. એટલે શુદ્ધ છે. અત્યારે આઠ કર્મના બંધન આત્મામાં છે જ નહીં. ક્યારે? અત્યારે. આઠ કર્મનો અભાવ તો સિદ્ધ અવસ્થા થાય છે, ત્યારે (કર્મ) રહિત થાય છે. એ રહિત થાય છે અને અત્યારે રહિત છે. રહિત છે, એવી જેને શ્રદ્ધા આવે તો રહિત થઈ જાય છે.

અત્યારે હું આઠ કર્મથી રહિત છું, એમ જેને જ્ઞાન અને શ્રદ્ધા પ્રગટ થાય છે એને અલ્પકાળ માં આઠ કર્મની નિર્જરા થઈ જાય છે. પરમાત્મા થઈ જાય છે. અને આઠ કર્મનો હું કર્તા તો નથી, પણ એ કર્મ બાંધે છે એમાં હું નિમિત પણ નથી. એમ એ શું? નિમિતના વગર જ કર્મ બંધાઈ જાય છે? તું

નિમિત નથી. નિમિત કોઈ બીજી ચીજ છે. નિમિત બીજી ચીજ છે. નિમિત કોણ છે કે રાગ, દ્વેષના પરિણામ જે કર્મ બંધમાં નિમિત છે. હું તો રાગ દ્વેષથી રહિત પરમાત્મા છું, હું નિમિત નથી. આહાહા! ઉપાદાનથી કર્તા નથી અને નિમિતથી પણ કર્તા નથી આહાહા! રવીન્દ્ર બાબૂ !

આત્મા કર્મ બંધમાં નિમિત નથી. દાળના વેપારમાં પણ આત્મા નિમિત નથી. આ કપડાનો વેપાર કોઈને હોય તો એ પણ નિમિત નથી. આહાહા! આત્મામાં પરપદાર્થના પરિણમનમાં નિમિત હોવું, એ આત્માનો સ્વભાવ નથી. આત્માતો જ્ઞાતા છે. આહાહા! કર્મ બંધમાં નિમિત પણ નથી. અને હાથ આ હલે છે અને પગ ચાલે છે, એનો સીધો કર્તા તો નથી, પણ નિમિત પણ કર્તા નથી. એનો જ્ઞાતા રહે છે. એનું મન વ્યવહાર છે. આત્માનો જ્ઞાતા નિશ્ચય, પરિણામ નો જ્ઞાતા વ્યવહાર છે. બાકી કર્તાતો છે જ નહીં. એટલે આત્મા શુધ્ધ રહી ગયો. અને જે કર્તા માને છે, એની દ્રષ્ટિમાં શુધ્ધઆત્મા આવતો નથી. એની દ્રષ્ટિમાં રાગ, આશ્રવ આવે છે. આહાહા! રાગને આત્મા માની લે છે.

અત્યારે બે વાત કરી. નોકર્મનો કર્તા નહીં અને જડ કર્મનો કર્તા પણ નહીં. શુષિલ ભાઈ! સીધો કર્તાતો નહીં, મોટર તો હું ચલાવતો તો નથી, પણ મોટર ચાલે છે પોતાથી, ચાલે છે પોતાથી, હું તો નિમિત છું. શુષિલભાઈ કહે કે હું તો નિમિત છું, તો એ અજ્ઞાની બની જાય છે. હું નિમિત નથી, હું તો ચાલતી મોટર ને જાણવાવાળો છું. આહાહા! લેવા આવ્યા હતાને એ.

આ સંતોની વાત કોઈ અલૌકિક છે. સંતોની વાત! આહાહા! આચાર્ય ભગવાન ફરમાવે છે કે તેં કામ ભોગ બંધનની કથા તો સાંભળી. હું મોટર ચાલવું છું. આહાહા! હું વેપાર કરું છું. હું દેહ, મન, વાણીની ક્રિયા કરવાવાળો છું. હું શુભાશુભભાવ નો કરવાવાળો છું. એવી કામ, ભોગ, બંધનની કથા તેં સાંભળી છે, પણ આત્મા કર્તા નથી, જ્ઞાતા છે! એ વાત તે આજ સુધી સાંભળી નથી. રુચિપૂર્વક સાંભળી નથી. સાંભળે તો છે, પણ અહીંથી સાંભળે છે અને અહીંથી કાઢી નાંખે છે. અહીંથી સાંભળીને અહીં (અંદર) નથી આવતી. પિંકી! સાંભળે તો છે, પણ અહીંથી સાંભળીને, બે કાન છે ને? એકથી સાંભળવામાં આવે બીજામાંથી (બહાર) જાય. બે કાણા છે ને! શું છે? કાણું, એક કાણું હોય તો અંદર ઉતારે. એક કાણું નથી. બે છે. સમજયા? અરે! અલૌકિક વાત છે. અહીંથી એક (કાનથી) સાંભળે છે અને અહીં થી (બીજા કાનથી) કાઢી નાંખે છે. પછીથી દુકાન પર જતાં રહે છે.

સાંભળ! પણ બે હોવા છતાં પણ જે રુચિવાળા જીવ છે એ અહિયાંથી (સાંભળી) સીધા અંદર જતાં રહે છે. ઓહોહો! હું તો શુધ્ધ છું. શુધ્ધનું કારણ શું કે હું કર્તા નથી. હું કેવળ જ્ઞાતા છું. પ્રભુ! હું જ્ઞાયકરૂપ કેવળ જાણનાર છું. હું કરવાવાળો નથી. પોતાથી (સ્વયં) જડ ચેતનની ક્રિયા થઈ રહી છે, એ મારી અપેક્ષા વગર થઈ રહી છે. આહાહા! ઉંઘમાં આ મોટર ચાલે છે, વિમાન પણ ચાલે છે અને આ ટ્રેન પણ ચાલે છે. ચાલે છે, એ ઉંઘમાં તો ચાલે છે કે નહીં?

મુમુક્ષુ:- ઊંઘે છે એટલે સૂતો છે.

ઉત્તર:-સૂતો છે તો પણ ચાલે છે, જડ ચેતનના પરિણામ.

એક વાર, એક વાર દાખલો આપ્યો હતો કે નહીં, કૂતરાંનો! ઉદાહરણ આપ્યું હતું ને?

મુમુક્ષુ:- અહિયાં નથી આપ્યું.

ઉત્તર:- જૂવો! આ આત્મા શુધ્ધ છે તો એનો અર્થ શું કે કર્તા નથી, એટલે શુધ્ધ છે. એ બેઝ

(પાયો) છે. આત્મા શુધ્ધ કેમ છે? કે કર્તા નથી એટલે શુધ્ધ રહે છે. રહે છે. એમ માને છે તો એ શુધ્ધ થઈ જાય છે. શુધ્ધ છું એમ માને છે, તો શુધ્ધ થઈ જાય છે.

તો એક વાર એવો બનાવ બન્યો કે કૂતરો હતોને કૂતરો. એ ગાડીની નીચે ચાલે છે ને? બળદ ગાડીની નીચે ચાલે છે. તો એનું માથું થોડું-થોડું ટકરાય છે. તો અભિમાન થઈ ગયું કે ગાડી હું ચાલવું છું. બળદગાડી હું ચલાવુંછું. હું ચલાવુંછું. મારા થી જ ચાલે છે. તો અભિમાન તો હતું પણ આમાં બનાવ શું બની ગયો. એને ખંજવાળ આવી. ખંજવાળ આવી તો તો રોકાવું જ પડેને. બીજો તો ઉપાય જ નથી. તો એ રોકાઇ ગયો. એ રોકાઇ ગયો તો ગાડી તો ચાલવા લાગી, તો આ શું છે? ગાડી તો મારાથી ચાલતી હતી. હું રોકાઇ ગયો તો બળદગાડી પણ રોકાઇ જવી જઇએ પણ રોકાઇ નહીં. ચાલે છે ગાડી. અભિમાન નીકળી ગયું. કૂતરાને સમ્યગદર્શન થઈ ગયું. કૂતરાને સમ્યગદર્શન થાય છે હોં! એમ નથી. ચાર ગતિમાં સંજ્ઞી પંચેન્દ્રિય જીવ, આત્માનો અનુભવ કરે છે. આપણાં સિંહ મહારાજ ને અનુભવ થયો કે નહીં? મહાવીરનો જીવ સિંહ પર્યાયમાં તિર્યચમાં હતો કે નહીં?

મુમુક્ષુ:- સિંહ પર્યાય ઘણી સારી!

ઉત્તર:- હાં ! એ જે છે ને એ સ્વાંગ છે. તિર્યંચ, મનુષ્ય, સ્ત્રી, પુરુષ એ તો સ્વાંગ છે. સાકર, માટીના વાસણમાં હોય, સાકર, અથવા સોનાના વાસણ માં હોય, તો કોઈ સ્વાદમાં ફર્ક પડતો નથી. એમ તિર્યચનું વાસણ હોય કે મનુષ્યનું વાસણ હોય, કે દેવનું વાસણ હોય, ચિદાનંદ આત્મા તો એવો ને એવો જ્ઞાન દર્શન પૂર્ણ છે. આહાહા! કુતરાનું અભિમાન છૂટી ગયું અને અનુભવ થઈ ગયો.

મુમુક્ષુ:- એ ખંજવાળનું કારણ ઊભું રહ્યું,

ઉત્તર:- ઊભું રહેવું પડયું. ઊભું રહેવું પડયું. કે શું વાત છે. અનંતકાળથી હું દૂ:ખ ભોગવું છું, દૂ:ખની નિવૃતિ તો હોતી નથી, (એ) તારું અભિમાન છે.

હું કરું, હું કરું એ જ અજ્ઞાનતા, ગાડીનો ભાર જેમ કૂતરો ખેંચે છે. સૃષ્ટિ મંડાણ એની પેરે કોઈ યોગી યોગીશ્વર જાણે.

એનું હિંદી બોલો કોઈ. હું કરું હું કરું એજ અજ્ઞાનતા.

મુમુક્ષુ:- હું કરું હું કરું એજ અજ્ઞાનતા. ગાડીનો ભાર જેમ કૂતરો ખેંચે છે.

ઉત્તર:- હું કરું હું કરું એજ અજ્ઞાનતા, ગાડીનો ભાર જેમ કૂતરો ખેંચે છે. 'સૃષ્ટિ મંડાણ એની પેરે' પોતાની મેળે સૃષ્ટિ પોતાના પરિણમનરૂપ હોય છે. એમાં ક્રિયાવર્તી શક્તિ, ભાવવતી શક્તિ જડ ચેતન માં છે, હું કરું તો એ ક્રિયા થાય, (એવું નથી). રોટલી કરું તો રોટલી બને, મૈસુબ હું કરું તો થાય, શારદાબેન? એમ નથી. તો કાન્તાબેન રોટલી કરે, તો થાય એવું નથી. આજ સુધી કોઈએ રોટલી બનાવી જ નથી, આજ સુધી કોઈ કુંભારે ઘડો બનાવ્યો જ નથી. કે વિના નિમિત બની જાય છે? કે હાં. એમાં શક્તિ છે, બનવાની. એમાં બનવાની શક્તિ છે. તારી અપેક્ષા તો રાખતા નથી. વસ્તુની શક્તિ પરની અપેક્ષા રાખતી નથી.

મુમુક્ષુ:- આ ભાઈ હાં પડે છે. આ ભાઈ! માઇકવાલા હાં કહે છે, ખુશ થાય છે.

ઉતર:- માઇકવાલા (ભાઈ), કામ કરી લે. આત્મા છે, બધા આત્મા છે. આહાહા! એવી વાત છે. અભિમાન ટળી જાય. છોડી દે અભિમાન, તું પરમાત્મા તો છે જ. તું પરમાત્મા તો છે જ.

અભિમાન છૂટે છે, તો પરમાત્મા થઈ જઈશ. બસ આટલી જ વાર છે, અભિમાન છોડી ડે. આહાહા! સોનગઢના સંતે કોઈ ત્યાગની વાત કરી છે કે નહીં? કે હાં! ત્યાગની વાત જ એમણે કહી છે, એ સાંભળી નથી તેં. અભિમાનનો ત્યાગ અને નિરાભિમાનનું ગ્રહણ. ગ્રહણપૂર્વક ત્યાગની વિધિ છે. આહાહા!

એકવાર હું દિલ્હી ગયો હતો તો વીસ દિવસ ત્યાં રહ્યો. પંદર વીસ દિવસ. તો પ્રેમચંદજી જૈન, જૈના વોચ કંપનીવાળા નામ સાંભળ્યું હશે. જૈનાવોચ કંપનીવાળા, મોટી પાર્ટી છે. તો એમને ત્યાં રોકાયા હતા, તો એમના માતાજી ત્યારે જીવતા હતા. અત્યારે તો ગુજરી ગયા. તો લાલમંદિરમાં વ્યાખ્યાન હતું. બધા આવતા હતા. અને એ બે ત્રણ ભાઈ પણ આવતા હતા. એમના ઘરવાળા પણ બધા આવતા હતા. તો એક વાર કહ્યું કે જૈન દર્શનમાં ગ્રહણપૂર્વક ત્યાગની વિધિ છે. ગ્રહણ નિરપેક્ષ ત્યાગ તો અધર્મ છે. અને ગ્રહણપૂર્વક ત્યાગ એ ધર્મ છે. ગ્રહણપૂર્વક ત્યાગ, એવી વિધિ છે. સમ્યગદર્શનનું ગ્રહણ થાય છે, તો મિથ્યાત્વનો ત્યાગ થાય છે. ક્ષમાનું ગ્રહણ થાય છે, તો ક્રોધ નો ત્યાગ થઈ જાય છે. ક્ષમાનું ગ્રહણ કરવાથી ક્રોધનો ત્યાગ થાય છે. એવો ક્રોધ છોડો, ક્રોધ છોડો, એવી વાત નથી. એવા વીતરાગભાવનું જ્યારે ગ્રહણ થાય છે, તો રાગનો ત્યાગ થઈ જાય છે. જ્યારે અતીન્દ્રિયજ્ઞાનનું ગ્રહણ થાય છે, તો ઇંદ્રિયજ્ઞાનનો સ્વયં ત્યાગ થઈ જાય છે. સ્વામિત્વબુધ્ધિ છૂટી જાય છે. આહાહા! ગ્રહણપૂર્વક ત્યાગની વિધિ જૈન દર્શનમાં છે.

તમે શાક લેવા જાઓ, તો પૈસા તમે આપી દો છો. પૈસાનો ત્યાગ કર્યો તો હવે શાક નહીં જોઈએ, એમ કોઈ કહે છે? તો ગ્રહણપૂર્વક પૈસા આપે છે. ત્યાં તો ગ્રહણ પહેલાં કરે છે અને પૈસા પછી કાઢે છે. પહેલાં તો થેલીમાં શાક લઈ લે છે, શાક એટલે સબ્જી, પછીથી ખીસામાંથી પૈસા આપે છે. પહેલાં પૈસા નથી દેતો. પહેલાં ગ્રહણ કરે છે. હાં! પછીથી પૈસા આપે છે.

એમ જ્ઞાનનું ગ્રહણ થવાથી અજ્ઞાન નો ત્યાગ થાય છે. એમ આત્મજ્ઞાનનું જ્યારે ગ્રહણ થાય છે કે હું ચિદાનંદ આત્મા છું, આહાહા! પોતાના શ્રુતજ્ઞાનની પર્યાયના દ્વારા જ્યારે જ્ઞાયકના દર્શન થાય છે, તો જ્ઞાનનું ગ્રહણ થયું તો અજ્ઞાનનો ત્યાગ થઈ ગયો. એટલે અજ્ઞાન પ્રગટ ન થયું, એનું નામ ત્યાગ છે. ખરેખર અજ્ઞાનનો ત્યાગ નથી કરતો. સૂક્ષ્મ વાત છે. અજ્ઞાનનો ત્યાગ નથી કરતો. જ્ઞાન ગ્રહણ થાય તો અજ્ઞાન ઉત્પન નથી થતું, એનું નામ અજ્ઞાનનો ત્યાગ કર્યોછે, એમ કહેવાય છે. જેમ અંધકાર છે, અંધકાર, રૂમમાં. સમજ્યા? તો બટન દબાવ્યું તો લાઇટ થઈ ગઈ. લાઇટ થઈ તો અંધકારનો ત્યાગ કર્યો, અંધકાર પ્રગટ જ ન થયો, પ્રકાશ પ્રગટ થાય છે. આત્મજ્ઞાન પ્રગટ થાય છે, ત્યારે અજ્ઞાનનો ઉદય થતો જ નથી, તો અજ્ઞાનનો ત્યાગ કર્યો એમ કહેવામાં આવેછે.

એટલે ભગવાન આત્મા શુધ્ધ છે. દેહ, મન, વાણીનો કરવાવાળો નથી. દાળનો વ્યાપાર કરવાવાળો નથી. રોટીની ક્રિયા કરવાવાળો આત્મા નથી. મૈસુબનો કરવાવાળો આત્મા નથી. આહાહા! ભાષા બોલવાવાળો આત્મા નથી. આહાહા! ભાષા બોલવાવાળો જૂદો અને જાણવાવાળો જૂદો. રાગ કરવાવાળી અલગ ચીજ અને જાણવાવાળી અલગ ચીજ છે. આહાહા! રાગ કરવાવાળો પરિણામ છે, હું તો જ્ઞાન કરવાવાળો છું. આત્માનું જ્ઞાન કરતા કરતા ભાન થયું કે રાગની ક્રિયા મારી નથી. રાગ જ્ઞાનનું જ્ઞેય છે, કર્તાનું કર્મ નથી. કર્તાનું કર્મ જ્ઞાન હોય છે, ત્યારે જ્ઞાનનું જ્ઞેય રાગ થઈ

જાય છે.

આ બધી લોજિક ની વાત છે. ન્યાયથી સમજમાં આવે.

જ્યારે આત્માનું જ્ઞાન થાય છે ત્યારે જ્ઞાન આત્માનું કર્મ, અને આત્મા જ્ઞાનનો કર્તા. અને થોડો રાગ રહે છે, તો એનો જ્ઞાતા રહે છે. કર્તા બનતો નથી. સ્વામિત્વબુધ્ધિ છૂટી જાય છે. હું શુધ્ધ છું, કેમકે હું કર્તા નથી. હવે દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મનો કર્તા નથી.

નાની નાની છોકરી પણ લખે છે, છોકરી લખે છે તો ઘણું સારું છે, લખવું જોઈએ. એની નજીકમાં એક બીજી નાની છોકરી છે, એ પણ લખે છે. આહાહા! સારી વાત છે. ભગવાનઆત્મા છે ને, એ છોકરી ક્યાં છે? છોકરી નથી. હું ભગવાન છું. હું પરમાત્મા છું. આહાહા! હું છોકરી છું, (એવું) ન બોલવું. હું પરમાત્મા છું. તારી મમ્મી પૂછે, તું કોણ છું? (તો) શું જવાબ આપીશ? હું પરમાત્મા છું, આહાહા! એવું કહેવું. હાં!

હું શુધ્ધ છું, કેમ? કેમકે હું કરવાવાળો નથી. હું જાણવાવાળો છું, એટલે હું શુધ્ધ છું. હું કરવાવાળો નથી. એ બે વાત તો કહી, હવે સૂક્ષ્મ અંદરનો શુભાશુભભવ હોય છે ને. પુણ્ય પાપના પરિણામ, એનો કરવાવાળો આત્મા નથી. જાણનહાર (જાણનાર) છે, કરવાવાળો નથી. આહાહા! જે જાણે છે તે કર્તા નથી અને કર્તા છે તે જાણતો નથી. આહાહા! આવી છે ગાથા! બોલો!

મુમુક્ષુઓ: કરે કર્મ એ જ કરતારા, કરે કર્મ એ જ કરતારા, જે જાણે તે જાણણહાર. જાણે તે કરે નહીં કોઈ, કરે તે જાણે નહીં કોઈ.

ઉતર:- આહાહા! જેમ ચક્ષુ છે ને ચક્ષુ, આહાહા! એ દશ્ય પદાર્થને દૂર રાખીને જુએ છે. માત્ર જુએ છે. કથંચિત દ્રષ્ટા અને કથંચિત કર્તા, એવું ચક્ષુમાં છે નહીં. ચક્ષુમાં નથી. સર્વથા દ્રષ્ટા છે. એમ ભગવાન આત્માની અંદર જ્ઞાન દર્શન બે ચક્ષુ છે. જ્ઞાન અને દર્શન બે ચક્ષુ છે. એ ચક્ષુ દ્વારા અંતર ચક્ષુ દ્વારા, એ ફક્ત આત્માને જ જાણે છે. આત્મામાં ઉત્પન થયેલું પરિણામ, એનો કરવાવાળો આત્મા નથી. આહાહા!

શુભાશુભભાવ ઉત્પન ભલે થાય, પણ હું કરવાવાળો નથી. જેમ મોટરનો કર્તા નથી, એવી રીતે શુભાશુભભાવનો કર્તા આત્મા નથી. જાણવાવાળો છે. મોટર પણ ચાલે (આત્મા) જાણે, હાથ પણ ચાલે (આત્મા) જાણે, પગ ચાલે એને જાણે, રાગ થાય તેને જાણે. જાણે, જાણે અને જાણે. પ્રતિમાની સામે દર્શન કરવા માટે ઊભો થયો, તો અલ્પ શુભરાગ આવે છે, પ્રશસ્ત ભક્તિનો રાગ. ભક્તિના રાગને આત્માના લક્ષ્યપૂર્વક જાણે છે. આત્માનું લક્ષ્ય છોડીને એ જાણે, તો અજ્ઞાન છે. જાણી જ નથી સકતો. આત્માના લક્ષ્યવાળો જ જાણી સકે છે. જો આત્માનો લક્ષ્ય છૂટી જાય છે, તો કર્તા બની જાય છે શુભાશુભભાવનો. આહાહા! આત્મા શુધ્ધ કેમ રહ્યો કે શુભાશુભભાવ થાય તો છે. થાય છે અને કરવાવાળો નથી, જાણવાવાળો રહેછે. આહાહા!

હવે આનાથી સૂક્ષ્મ વાત અહિયાં છે. **કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણસ્વરૂપ સર્વ કારકોના સમૂહની પ્રક્રિયાથી પારકો**, આહાહા! આત્મા સૂક્ષ્મ છે. અને આ જે ઇંદ્રિયજ્ઞાન છે ને, તે સ્થૂળ છે. ઇંદ્રિયજ્ઞાન છે તે, સ્થૂળ છે. સ્થૂળ જ્ઞાનથી આત્મા જાણવામાં નથી આવતો. આત્મા સૂક્ષ્મ છે, સૂક્ષ્મ છે, તો એ અતીન્દ્રિયજ્ઞાન જ્ઞાનમયી આત્મા છે. તો

અતીન્દ્રિયજ્ઞાન જ્યારે નવું પ્રગટ થાય છે, એના દ્વારા આત્માનો અનુભવ થાય છે. અતીન્દ્રિયજ્ઞાન ક્યારે પ્રગટ થાય? કે કર્તાબુદ્ધિ છૂટે ત્યારે. પરિણામ પ્રગટ થાય છે. તો પણ પરિણામનો કરવાવાળો નથી. જ્ઞાન પ્રગટ થાય છે, તો પણ જ્ઞાન પર્યાયનો કરવા વાળો નથી. જાણવાવાળો રહે છે. આહાહા! શુભાશુભભાવ તો દૂર રહ્યો, પણ જે ષટ્કારક ના પરિણામમાં કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ સમજ્યા? આહાહા!

૭૩ ગાથામાં પરિણામનો કર્તા પરિણામ આવ્યું. પરિણામનો કર્તા પરિણામ આવી ગયું, એ આ કથન છે. એમ ૧૩ નંબરની ગાથામાં પણ આચાર્ય ભગવાન એ કહ્યું તું ભુતાર્થનયથી તત્વને જાણ. એટલે હું કરવાવાળો નથી. ક્રિયા તો થાય છે. ક્રિયા હોવા છતાં પણ ક્રિયાનો કર્તા નથી. કેમકે એક ક્રિયાના બે કર્તા નથી હોતા . પરિણામ, પરિણામને પણ કરે અને આત્મા પણ પરિણામને કરે, એવો ક્રિયાવાદી આત્મા નથી. આ આધ્યાત્મની વાત છે, દ્વિક્રિયા અંદરમાં. બે દ્રવ્યની ક્રિયા કરવાવાળા તો દ્વિક્રિયાવાદી છે, તો અજ્ઞાન છે. બે દ્રવ્યની એકતા. જેમાં જીવ અને અજીવની એકતા થઈ ગઈ. અને એમાં આત્મા અને પરિણામની ભિન્નતા ન રહી તો કર્તા બને તો, એ ભિન્નતા જ છે એટલા માટે પરિણામનો કર્તા પરિણામ જ છે, હું કર્તા નથી. કેમકે પરિણામ સત્ત છે. સત્ત પોતાની મેળે થાય છે અને એ અજ્ઞાની કહે છે કે પરિણામને મેં કર્યા, તારું અજ્ઞાન છે ભાઈ. ધર્મ નહીં થાય. આહાહા!

ધર્મ તો જ્યારે હું જ્ઞાતા છું અને જ્ઞાતા ને જ્યારે જાણે, જ્ઞેય ને જાણે ત્યાં સુધી ધર્મ નથી. પરિણામની કર્તાબુદ્ધિ રાખે તો ધર્મ નથી અને માત્ર પરિણામને જાણવામાં રોકાઈ જાય, તો પણ ધર્મ હોતો નથી. આહાહા! જેમ પરિણામનું લક્ષ્ય છોડીને, આ ભગવાનને જ્ઞાનને જાણે છે, ત્યારે ધર્મ દશા પ્રગટ થાય છે. ધર્મ ધ્યાન પ્રગટ થાય છે. સંવર, નિર્જરા ની દશા મોક્ષમાર્ગ પ્રગટ થઈ જાય છે. એ કેવી રીતે ખબર પડે કે ધર્મ થયો? કે અતીન્દ્રિય આનંદ આવે છે. આહાહા! દેડકાને પણ આનંદ આવે છે. સંજ્ઞી પંચેઇન્દ્રિય જીવ કોઈ પણ ગાય, ભેંશ, તિર્યંચ સંજ્ઞી પંચેઇન્દ્રિયવાળો હોવો જોઈએ. એમાં ભેદજ્ઞાન કરવાની શક્તિ મનવાળા પ્રાણીમાં હોય છે. પાંચ ઇંદ્રિયમાં ભેદજ્ઞાન (કરવા) ની શક્તિ નથી.

તો હું શુધ્ધ છું, કેમ? હું શુધ્ધ કેમ છું? કે શુધ્ધ પર્યાયનો કરવાવાળો નથી. એટલે હું શુધ્ધ છું. આહાહા! ઘણી અલૌકિક વાત છે. આહાહા! આમાં લખ્યું છે, એનો અર્થ છે. મારા ઘરની વાત નથી. લખ્યું છે, જૂવો! વાદ-વિવાદની ફુરસદ જ ક્યાં છે દાળના વેપારમાં, બીજાનો બીજો વેપાર, કપડાના વેપારમાં, કોઈનો સ્પેરપાર્ટ નો વેપાર હો. આહાહા! પૈસાથી સુખ માની રાખ્યું છે. પૈસામાં સુખ છે, નહીં. અમેરિકામાં તો ઘણા કરોડો અબજોપતિ છે, એમણે ઊંઘ નથી આવતી તો ગોળી લેવી પડે છે. સમજ્યા? રાત્રે ગોળી લેવી પડે છે. જે પૈસા માં સુખ છે તો ઘસઘસાટ ઉંઘ આવવી જોઈએ. પૈસામાં સુખ હોતું નથી. આહાહા!

કેન્સર થઈ ગયું. અરે! પૈસા તો ઘણા છે. બચાવી, દે તારા પૈસાથી કેન્સર બચાવી દે . ઠીક કરી દે. નથી ઠીક કરી શકતો. આયુષ્ય કોઈ નથી બચાવી શકતું. દેવ, દેવેન્દ્ર, જિનેન્દ્ર આહાહા! જે સમયે આયુષ્ય છૂટે છે એજ સમયે ફટાક (તરત) છૂટી જાય છે. અહીનું અહી રહી જાય છે. એ સાથે

અજ્ઞાન લઈ જાય અથવાતો આર્તધ્યાન લઈ જાય. આ બે લઈ જવાની છૂટ છે. અહીથી બે લઈ જવાની પરમિટ છે. એટલી પરમિટ છે. કુદરતની પરમિટ છે. કોઈ સરકારની પરમિટ નથી. આહાહા! ક્યાંતો આત્મજ્ઞાન કરીને સમ્યગદર્શન જ્ઞાન ચરિત્રના પરિણામ સાથે લઈને વિગ્રહ ગતિમાં સુખ ભોગવે છે. વિગ્રહ ગતિમાં. બે ત્રણ સમય લાગે છે, (જેમ) દેવ ગતિમાં જાય છે સમ્યગદ્રષ્ટિ અહીંથી. અહીંથી દેવ ગતિમાં જાય છે. અને ગતિમાં ન જાય એને સ્ત્રી પર્યાય નથી બંધાતી એને. પુરુષ પર્યાય બંધાય છે, દેવ બને છે, દેવી નથી બનતો. તો વચમાં વિગ્રહ ગતિ આવે છે ને, વિગ્રહ ગતિ. સમજયા? વચ્ચેનો રસ્તો. અહીંથી છૂટયા અને ત્યાંની ઉત્પતિ, તો વચમાં જે વિગ્રહ ગતિ છે, એમાં એ આનંદના ભોજન કરે છે. દેહ નહીં, મન નહીં, વાણી નહીં, પૈસા નહીં. આહાહા! પણ આત્મા તો છે. આત્માનો આનંદ આત્માના આશ્રયથી થાય છે. પરના આશ્રયથી નથી થતો. પરના આશ્રયથી તો દૂ:ખ થાય છે. આહાહા!

તો હું શુધ્દ છું, એનો અર્થ શું? કે શુધ્દ પર્યાય થી જે સંવર નિર્જરા પ્રગટ થાય છે ને એનો હું કર્તા નથી. કેમ કર્તા નથી? કે એક પરિણામના બે કર્તા નથી હોતા. પરિણામનો કર્તા પરિણામ પણ હોય અને દ્રવ્ય પણ એને કરે તો દ્વિક્રિયાવાદીનો દોષ આવી જાય છે. આહાહા! અધ્યાત્મની દ્વિક્રિયા છે. આહાહા!

મુમુક્ષુ:- મુમુક્ષુ:- એક પરિનામકે ન કર્તા દરવ દોઇ, દોઇ પરિનામ એક દર્વ ન ધરતુ હૈં. (નાટક સમયસાર, કર્તા-કર્મ-ક્રિયાદ્વાર)

ઉત્તર:- ધરત હૈં, આહાહા! એ તો એ આગમપધ્દતિમાં બે દ્રવ્યની ભિન્નતાની વાત છે. અધ્યાત્મ પધ્દતિમાં તો પરિણામનો કર્તા પરિણામ છે. એમ જાણે છે કે પરિણામનો કર્તા પરિણામ છે. ત્યાં સુધી જ્ઞાન નથી થતું . એ પરિણામનું જાણવાનું બંધ કરીને અપરિણામી ને જાણે છે તો જ્ઞાન પ્રગટ થઈ જાય છે.

હાં! પરિણામનો કર્તા પરિણામ છે, એટલો ખ્યાલ આવ્યો. એટલો ખ્યાલ તો આવ્યોને, કે હું કરવાવાળો નથી. પણ હું જાણવાવાળો છું, તો જાણવાવાળો છું, તો કોને જાણવાથી ધર્મ થાય? પરિણામને જાણવાથી ધર્મ નથી થતો. ભગવાન આત્માને જાણવાથી ધર્મ થાય છે. ભગવાનના દર્શન કરે તો ધર્મ થાય છે. એમ છે ને? ભગવાનના દર્શન કરે તો ધર્મ થાય છે. આ (અંદરના) ભગવાનના દર્શન કરે તો ધર્મ થાય છે. મંદિરમાં જે પ્રતિમા, જિન પ્રતિમા જિન સરખી. જ્યારે દર્શન કરવા જાય છે ને ત્યારે એ ભગવાન અમને મુખ, ત્યાંથી અવાજ નીકળે છે, મારી તરફ ન જો, તું તારી તરફ જો. હું અહીં (અંદર) જોઉ છું, તું પણ ઘર (અંદર) જો. તું મારી તરફ કેમ જુવે છે? આહાહા! ના પાડે છે ભગવાન. મારી સામે જોવાથી, આહાહા, આત્મદર્શન નહીં થાય. મારી સામે જોઇને પછી તારી સામે જો. તું જો, તો દર્શન થશે.

એક વાર એવું થયું, હું ઇંદોર ગયો હતો, ઇંદોર. ટાઇમ થઈ ગયો કે વાર છે? ઇંદોર ગયો હતો. તો બહારમાં પરૂ (ગામ) કહે છે? થોડું ૧૦-૧૫ માઇલ દૂર, એવા એવા ગામ હોય છે ને.

મુમુક્ષુ:- નાના નાના ગામ.

ઉત્તર:- નાના નાના ગામ. દૂર ભગવાનનું મંદિર બન્યું હતું. મંદિર બન્યું હતું. તો તેઓ મારી

પાસે આવ્યા કે અમારે ત્યાં નવું મંદિર બન્યું છે તો દર્શન કરવા માટે જરુર આવો. તો મેં કહ્યું કે સાંજના ભોજન કરીને અમે ૭:૩૦ વાગે પહોંચીશું. તો ત્યાં ગયા. ઘણા મુમુક્ષુ સાધર્મી ભાઇ બહેન બેઠા હતા. તો મેં કહ્યું કે પ્રતિમાના દર્શન કરવા નો જે વ્યવહાર છે, એનું કારણ શું છે? તમે લોકો જાણો છો? કે નહીં. અમે તો બસ દર્શન કરવા આવીએ છીએ. દર્શન કરવાથી ધર્મ થાય છે. એટલે અમે આવીએ છીએ. ઠીક છે. મૈં કહ્યું, એમાં રહસ્ય છે. પ્રતિમાની સ્થાપનામાં રહસ્ય છે. સમજ્યા? સ્થાપના નિક્ષેપ છે. નયનો વિષય છે, સ્થાપના નિક્ષેપ. સમજ્યા?

તો મેં કહ્યું, એક દ્રષ્ટાંત આપ્યું કે સાંભળો. મારી વાત ક્યાંથી આવી અને એમાં કેટલો લાભ છે? લાભ છે, નુકશાન નથી. ભલે! તો શું લાભ છે?

મેં કહ્યું કે એવું થયું કે જંગલમાં સિંહ અને સિંહણ, એને બચ્ચું આવ્યું. પછી એ બચ્ચું છૂટું પડી ગયું (સિંહના ઝૂંડમાંથી છૂટું પડી ગયું). એ છૂટું પડી ગયું, માતાથી. અને એક ભરવાડને, ઘેટાંને, ઘેટાં છે ને ઘેટાં . હાં! બકરી, ઘેટાં-બકરાને ચરાવતો હતો, તો બચ્ચું એમાં ઘૂસી ગયું. ભરવાડે જોયુકે આ બચ્ચું ભૂલું પડી ગયું છે. ઠીક છે! અમે તો આને પાળીએ છીએ તો એને પણ પાળી લેશું. એમાં શું છે? સમજ્યા? ધીમે-ધીમે બચ્ચું મોટું થવા લાગ્યું. બચ્ચું મોટું થવા લાગ્યું.

એક વાર એવો બનાવ બન્યો કે એ બચ્ચું તો એમાં હતું. પણ પહાડની ટેકરીથી કોઇ સિંહે જોઇ લીધું. પહાડ ઉપર. પહાડ પરથી જોયું. અરે! આ તો અમારી જાતિનો છે. આ સિંહ, આ ઘેટામાં કેમ આવી ગયો? સમજ્યા? રહસ્ય છે દ્રષ્ટાંતમાં. હાં! ધર્મની વાત હવે આવશે. ભલે! તો હવે એને છોડાવવા માટે શું કરીએ? એને વિચાર આવી ગયો. સમજ્યા? એ મારી જાતિનો છે, અને ઘેટામાં ફસાઇ ગયો? એને છોડાવવાનો છે. એણે સિંહને ત્રાડ પાડી પહેલા, કે મારી સામે જો, મારી સામે જોયા પછી તું તારી સામે જો. બસ એટલું કહ્યું. તો એણે એવું ચેષ્ટાથી જોઇ લીધું એનું રૂપ. એના રૂપ જોઇ અહીં જોયું,, અરે! કૂદકો મારીને ભાગી ગયો. નીકળી ગયો. અરે! હું તો સિંહની જાતિનો છું. સમજ્યા? ઘેટાની જાતિ મારી નથી.

એમ પ્રતિમાને, અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાય ને જાણવાથી એવોજ હું આત્મા છું, એવું જે જાણે છે, એનો મોહ ક્ષય થઇ જાય છે. તો સમ્યગ્દર્શનમાં પ્રતિમાને નિમિત કહેવાય છે. એટલે પ્રતિમાની સ્થાપના છે. એમ (જ સ્થાપના) નથી. રહસ્ય છે એમાં. આમ-આમ નહીં કરવું. આહાહા! પ્રભુ! ચેતન દ્રવ્ય તમારું અને તમારામાં ચૈતન્ય ગુણ છે, કેવળજ્ઞાન પ્રગટ તમારું થઇ ગયું. હું પણ ચેતન ચૈતન્ય ચિદવિવર્તન, ઉપયોગ મારુ લક્ષણ છે. આપ કેવળજ્ઞાન વડે આત્માને જાણો છો. અને હું મારા જ્ઞાનના દ્વારા આત્માને જાણું છું. એને જાણીને અહી જ્ઞાન થાય છે, તો ત્યાં ઊભા ઊભા સમ્યગ્દર્શન સમ્યગ થઇ જાય છે. બોલો! આ દર્શનની વિધિ છે. સમજ્યા? આ દર્શનની વિધિ છે. એવા દર્શન કરીને બહાર નીકળવું છે. સમ્યગ્દર્શન તો થયું નથી, કેમ નથી થયું? એનેજ માત્ર જુવે છે, એની સાથે મિલાન કરીને, એવો જ હું છું, અહિયાં દેખતો નથી. તો એ સમ્યગ્દર્શન માં નિમિત થતો નથી. આહાહા!

મુમુક્ષુ:- દિલ્હી માં તો એક મંદિરમાં લખ્યું છે વેદીની ઉપર "તુમ નિરખત મોકો મિલી મેરી સંપત્તિ આજ".

ઉત્તર:- તમને જોઇને મને મારી સંપતિ મળી ગઇ. આહાહા! અરિહંત ના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણીને એ પોતાના આત્માના ગુણોને જાણે છે, એનો મોહનો ક્ષય થઇ જાય છે. એવું પ્રવચનસાર શાસ્ત્ર છે. એની ૮૦ નંબરની ગાથામાં, કુંદકુંદ આચાર્ય ભગવાનએ પોતે એ વાત એમાં લખી છે કે પ્રતિમાના દર્શનનુ કારણ પોતાના દર્શન કરવાનો હેતુ છે. મારો આખો દિવસ દાળના વેપારમાં ગયો, સાંજ પડી ગઇ, વિસ્મરણ થઇ ગયું, આત્માનું વિસ્મરણ અને આત્માને બતાવવાવાળી પ્રતિમાનું પણ વિસ્મરણ તો સાંજે (પ્રતિમાના) દર્શન કરવા જાય છે. આહાહા! એને જોઇને આત્માનું સ્મરણ થાય છે. પહેલાં એને જોવા, પછી, એવોજ હું છું એવા આત્માનું સ્મરણ કરવું જોઇએ. એના દર્શન કરીને જતાં રહેવું, પ્રતિમાના એવા દર્શનમાં લાભ હોંતો નથી. શુભભાવ હોય છે. શુભભાવ હોય છે, હોય છે શુભભાવ, આત્મદર્શન નથી થતું. . હવે તું જાય ને ભગવાન સામે, તો દર્શન કર્યા પછી હું અહિયાં જોવું. પહેલાં ત્યાં જોવું પછી અહિયાં જોવું. એ સિંહના બચ્ચાએ શું કર્યું? પહેલાં ત્યાં જોયું, પછી અહીં જોયું, તો સિંહવૃતિ થઇ ગઇ. આહાહા! સિંહવૃતિ થઇ ગઇ. એનાં જ સંતાન અમે વીર ના સંતાન છીએ. આહાહા! એવી વાત છે. ટાઈમ થઇ ગયો. ઇન્દોરવાળા લોકો બહુ ખુશ થઇ ગયા.